સેન્સેક્સે ૧૮૦૦૦ની સપાટી કુદાવી

મુંબઈ, તા.૧૨

શેરબજારમાં આજે સતત છઠ્ઠા દિવસે તેજી જારી રહી હતી. કારોબારના અંતે સેન્સેક્સ ૧૪૭ પોઈન્ટ સુધરીને ૧૮૦૦૦ની સપાટીને કુદાવી લેવામાં સફળ રહેતાં નવી આશા જાગી છે. વ્યાજ દરમાં કાપ મૂકાય તેવી શક્યતા દેખાઈ રહી છે. ૨૩ ફેબ્રુઆરી બાદથી પ્રથમ વખત સેન્સેક્સે ૧૮૦૦૦ની સપાટી કુદાવી છે. જુલાઈનાં આઈઆઈપીનાં આંકડા અપેક્ષા કરતાં નબળા રહેતા વ્યાજ દરમાં કાપની સ્થિતિ સર્જાઈ રહી છે. બીજીબાજુ જર્મનીની ટોચની કોર્ટે યુરોપિયન યુનિયનનાં નવા બેલઆઉટ ફંડને ટેકો આપ્યો છે. બેંચમાર્ક ઈન્ડેક્ષમાં ૧૪૭ પોઈન્ટનો સુધારો થતાં સપાટી ૧૮૦૦૦ ઉપર રહી હતી. સપાટીએ ૧૮૦૦૦.૦૩ની સપાટીએ રહી હતી. મેટલ, ઓટો, કેપિટલ ગુડસ અને અન્ય શેરમાં તીવ્ર લેવાલી જોવા મળી હતી. છેલ્લાં પાંચ સેશનમાં સેન્સેક્સમાં ૫૪૧ પોઈન્ટનો સુધારો થઈ ચૂક્યો છે. મેન્યુફેક્ચરીંગ, માઈનિંગ અને કેપિટલ ગુડ્સના

સેક્ટરમાં નબળા દેખાવના કારણે જુલાઈ મહિનામાં ઔદ્યોગિક ઉત્પાદનમાં ગ્રોથ રેટ ૦.૧ ટકા રહ્યો છે. જુલાઈના ઔદ્યોગિક વિકાસનાં આંકડા અપેક્ષા મુજબનાં રહ્યા નથી. સોમવારે આરબીઆઈની નાણાંકીય નીતિ સમીક્ષાની બેઠક યોજાનાર છે જેમાં આરબીઆઈ સીઆરઆરમાં ૦.૨૫ ટકાનો કાપ મૂકી શકે છે. ઉપરાંત રેટમાં પણ નજીવો ઘટાડો કરી શકે છે. આરબીઆઈનાં ૬.૫ ટકાની આગાહી સામે વિકાસદર નબળો રહ્યો છે.

આજે કારોબાર દરમિયાન સુધારો રહ્યો હતો જ્યારે જિંદાલ સ્ટીલમાં ૩.૮, કોલ ઈન્ડિયામાં ૨.૯ ટકા અને એલએન્ડટીમાં ૨.૮ ટકાનો સુધારો જોવા મળ્યો હતો. બ્રોકરોનું કહેવું છે કે, સ્થાનિક બજારને એશિયન બજારને લીધે ફાયદો થયો છે. નિફ્ટી આજે ૪૧ પોઈન્ટ સુધરીને ૫૪૩૧ની સપાટીએ રહી હતી. એશિયન બજારની વાત કરવામાં આવે તો નિક્કી, હેંગસેંગ, તાઈવાન, કોસ્પી અને શાંઘાઈ કોમ્પોઝીટમાં ૦ થી ૦.૨ ટકાનો સુધારો નોંધાયો હતો. સેક્ટરલ મોરચે બીએસઈ મેટલ ઈન્ડેક્ષમાં ૨ ટકાથી વધુનો સુધારો નોંધાયો હતો. ઓટો, કેપિટલ ગુડસ, ટેકનોલોજી, કન્ઝયુમર ડ્યુરેબલ, રિયાલિટી, એફએમસીજી અને બેંકિંગ કંપનીઓમાં તેજી રહી હતી. જોકે બીએસઈ હેલ્થકેર અને પાવર ઈન્ડેક્ષમાં ૦.૪ થી ૧ ટકાનો ઘટાડો નોંધાયો હતો

. તાતા મોટર્સમાં સૌથી વધુ ૫ ટકાનો જેટલો સુધારો રહેતાં લેવાલી જોવા મળી હતી. બીએસઈ મિડકેપ અને સ્મોલકેપ ઈન્ડેક્ષમાં ૦.૪ ટકાનો ઉછાળો નોંધાયો હતો.

તેજીની સાથે સાથે.....

- શેરબજારમાં સતત છઠ્ઠા દિવસે તેજી નોંધાઈ
- છેલ્લાં પાંચ સેશનમાં ૫૪૧ પોઈન્ટનો સુધારો થયા બાદ વધુ એક મોટો સુધારો થયો
- મેટલ, ઓટો, કેપિટલ ગુડ્સનાં શેરમાં લેવાલી નોંધાઈ
- વ્યાજદરમાં કાપ મૂકાય તેવી સંભાવના
- ૨૩ ફેબ્રુઆરી બાદથી પ્રથમ વખત સેન્સેક્સ ૧૮૦૦૦ની ઉપર
- ઔદ્યોગિક ઉત્પાદનનાં વિકાસ આંકડા અપેક્ષા કરતાં નબળાં આવ્યાં
- શેરબજારમાં બુધવારે સેન્સેક્સનાં ૨૧ શેર તેજીમાં રહ્યાં
- તાતા મોટર્સમાં સૌથી વધુ ૫.૩ ટકાનો સુધારો
- નિફ્ટી ૪૧ પોઈન્ટ સુધીને ૫૪૩૧ની સપાટીએ
- બીએસઈ મિડકેપ અને સ્મોલકેપમાં ૦.૪ ટકાનો ઉછાળો

સમાચાર ઝલક

- રાજકીય પક્ષો દિવસે દિવસે થાય છે ધનવાન : કોંગ્રેસ-ભાજપ મોખરે.
- સુભાષઘાઇને જમીન ફાળવણી રદ્દ થઇ.
- આરોગ્યખાતાની ધમધમાટથી ગુટખા સંગ્રહખોરોમાં ભય.
- કોયલાકાંડમાં સુબોધકાંત સહાય પર્યટનમંત્રી અને કોલસામંત્રી પ્રકાશ જયસ્વાલ મુશ્કેલીમાં આવે તેવાં એંધાણ.
- પત્રકારો માટે રિપોર્ટીંગની નિર્દેશિકા આપી શકાય નહી, લક્ષ્મણરેખામાં રહીને વર્તવું જોઇએ : સુપ્રીમકોર્ટનો ચુકાદો.
- ભારતમાં સૌથી મોંઘા છૂટાછેડા - પાંચ કરોડ ભરણપોષણના ચુકવાશે.
- ગુજરાતમાં એક દિવસમાં ૧૭ લોકો આત્મહત્યા કરે છે.
- ફિલ્મ ડાયરેક્ટર મધુર ભંડારકરની મૌસમ પિક્ચરમાં ધુમ્રપાનના દૃશ્યને માન્ય રાખતી કોર્ટ.
- ભારતમાં વર્ષે ૧૨ મિલિયન યુનિટ રક્તની જરૂર પડે છે, જ્યારે દેશમાં ૧૦૦૦ વ્યક્તિઓમાંથી માત્ર ૮ જ વ્યક્તિઓ રક્તદાન કરે છે.
- યુ.એસ.ઓપન ટેનિસ ચેમ્પિયનશીપની ફાઇનલમાં બ્રિટનના એન્ડી મરેએ ૭૬ વર્ષ બાદ જીત મેળવીને બ્રિટનમાં ઇતિહાસ સર્જ્યો.
- વેરાવળમાં વીમા પોલિસીનો લક્ષ્યાંક પુરો નહી થતાં બ્રાન્ચ મેનેજર મહિલાએ આત્મહત્યાનો પ્રયાસ કર્યો.
- મધમાખીઓએ ત્રણ વિમાની મથકોની સેવાઓ ખોરવી, કોલકાત્તા વિમાની મથકે રમૂજી ઘટના, છતાં ગંભીર ચિંતા.
- એટ્રોસીટી કેસમાં આગોતરા જામીન નહિ મળે, સુપ્રીમનો સ્પષ્ટ નિર્દેશ.
- ભારતીયોની ધીરજ ખુટી ગઇ ? અર્થતંત્ર પરનો વિશ્વાસ ડગુમગુ : ૨૧ રાષ્ટ્રોનાં સર્વેનું તારણ.

કોલસા કાંડ : રાષ્ટ્રપતિની દરમિયાનગીરીની માંગણી

નવીદિલ્હી,તા.૧૨

ભાજપનાં વરિષ્ઠ નેતા એલ.કે.અડવાણી, અરૂણ જેટલી, સુષ્મા સ્વરાજ, મુરલી મનોહર જોશી આજે રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીને મળ્યા હતાં અને કોલસા કાંડના મામલામાં મેમોરેન્ડમ સુપરત કરીને સમગ્ર મામલામાં દરમિયાનગીરીની માંગણી કરી હતી. બેઠક બાદ પત્રકારો સાથે વાતચીત કરતાં અડવાણીએ કહ્યું હતું કે, તેઓએ કેગ દ્વારા અહેવાલ રજૂ કરવામાં આવ્યા બાદ તેમની દરમિયાનગીરીની માંગ કરી છે. કોલસા બ્લોકની ફાળવણીમાં ગેરરીતિ સપાટી પર આવ્યા બાદ દેશભરમાં હોબાળો મચી ગયો છે. અડવાણીએ એમપણ કહ્યું હતું કે, વડાપ્રધાન અને તેમનાં પ્રધાનોએ કેગ ઉપર પ્રહારો કર્યા છે જે ખૂબ જ ચિંતાજનક બાબત છે. જો વડાપ્રધાન આ પ્રકારની વાત કરશે તો તેમની સરકારનાં સભ્યોને આ પ્રકારનાં નિવેદન કરવાની તક મળ જશે. અડવાણીએ એમપણ કહ્યું હતું કે, સરકાર ભ્રષ્ટાચારમાં ગળાડૂબ છે. કોલસા બ્લોક ફાળવણી કૌભાંડમાં ખાસ તપાસની માંગણી અડવાણી દ્વારા કરવામાં આવી હતી. તેમણે ઉમેર્યું હતું કે, રાષ્ટ્રપતિએ તેમની માંગ ઉપર યોગ્ય પગલાં લેવાની ખાતરી આપી છે. અમે એવી વિનંતી પણ કરી ચૂક્યા છીએ કે ભ્રષ્ટાચાર સામે સરકાર વિરુદ્ધ અમારી લડાઈ સંસદની અંદર અને બહાર પણ જારી રહેશે. રાષ્ટ્રપતિ દરમિયાનગીરી કરે તેમ અમે ઈચ્છીએ છીએ. ભાજપે કોલસા બ્લોકની ફાળવણીને રદ કરવા વડાપ્રધાનનાં રાજીનામાની માંગ કરી છે. મંગળવારે કોલસા બ્લોક ફાળવણી પ્રશ્ને જાહેર ચર્ચામાં ભાગ લેવા ભાજપને પડકાર ફેંક્યો હતો.

સમાજવાદી પાર્ટીની ભૂમિકા મહત્વપૂર્ણ હશે : મુલાયમસિંહ

કોલકતા,તા.૧૨

સમાજવાદી પાર્ટીનાં વડા મુલાયમસિંહ યાદવે આજે દાવો કર્યો હતો કે, તેમની પાર્ટીનાં ટેકા વગર નવીદિલ્હીમાં કોઈપણ સરકારની રચના શક્ય બનશે નહીં. મુલાયમે કહ્યું હતું કે, આગામી સરકારની રચનામાં તેમની પાર્ટીની ભૂમિકા ખૂબજ મહત્વપૂર્ણ રહેશે. કોલકતામાં સમાજવાદી પાર્ટીની રાષ્ટ્રીય કારોબારીનાં ઉદ્‌ઘાટન સત્રમાં બોલતાં યાદવે કહ્યું હતું કે, એકબાજુ કોંગ્રેસ હતાશ થયેલી પાર્ટી છે અને ભ્રષ્ટાચારમાં ગળાડૂબ છે તો બીજીબાજુ ભાજપની હાલત પણ આવી જ છે. મુલાયમસિંહ ૨૦૧૪માં યોજનારી સામાન્ય ચૂંટણી પર ધ્યાન કેન્દ્રિત કરીને ભ્રષ્ટાચારનાં મામલે કોંગ્રેસ પર આકરા પ્રહારો કર્યા છે. વર્તમાન સ્થિતિમાં સમાજવાદી પાર્ટી રાષ્ટ્રીય રાજકારણમાં વધુ મોટી જવાબદારી

ઉપાડશે. ૨૦૧૪ની ચૂંટણી નિર્ણાયક સાબિત થશે. સારી સંખ્યામાં સીટો જીતવા માટે અમે ખાતરી કરીશું જેથી કોઈપણ સરકાર તેમનાં ટેકા વગર રચાઈ ન શકે. તેમણે ઉમેર્યું હતું કે, અમે પહેલાંથી જ ઉત્તર પ્રદેશમાં સત્તામાં છીએ. જો કેન્દ્રમાં અમે સત્તા પર આવીશું તો વર્ચસ્વના વિસ્તારો પંજાબથી પશ્ચિમ બંગાળ સુધી ઉત્તર ભારતમાં ફેલાશે. કોંગ્રેસ પર પ્રહાર કરતાં તેમણે કહ્યું હતું કે, આ પાર્ટી ભ્રષ્ટાચારમાં ડુબેલી પાર્ટી છે. ઘણીબધી સમસ્યાઓથી ગ્રસ્ત પાર્ટી છે. બેરોજગારી અને ગરીબીમાં વધારો થયો છે. સરહદ પર ખતરો તોળાઈ રહ્યો છે. ઘણાંબધા કૌભાંડો સપાટી પર આવ્યાં છે. કોંગ્રેસ મોટી પાર્ટી છે પરંતુ તેનો આત્મવિશ્વાસ હચમચી ઉઠ્યો છે. લોકો માટે કંઈપણ કરવામાં અસમર્થ છે. કૌભાંડો સાથે તેની પ્રતિષ્ઠાને માઠી અસર થઈ છે. સાચર સમિતિનાં અહેવાલનો ઉલ્લેખ કરતાં યાદવે કહ્યું છે કે, દેશમાં મુસ્લિમોની હાલત અનુસુચિત જાતિ અને અનુસુચિત જનજાતિ કરતાં પણ ખરાબ થઈ છે. આની રચના વડાપ્રધાન મનમોહનસિંહ દ્વારા કરાઈ હતી. તેમની સમક્ષ અહેવાલ રજુ થઈ ચૂક્યો છે પરંતુ ભલામણો આગળ વધી નથી. કમિટિની રચના કરી સરકાર લોકોને ગૂંચવણમાં મૂકવાના પ્રયાસ કરી રહી છે. પ્રકાશ જયસ્વાલનો ઉલ્લેખ કરતાં યાદવે કહ્યું હતું કે, વિભાગનો હવાલો સંભાળી લીધા બાદ જ પ્રથમ દિવસે તેમનાં સંબંધીને કોલસા બ્લોકની ફાળવણી કરી હતી. આગામી ચૂંટણીમાં બંગાળમાં પણ સમાજવાદી પાર્ટી જીતશે.

પીએસયુ વડાઓની ચિદમ્બરમ સાથે બેઠક

પીએસયુ કંપનીઓ જંગી મૂડીરોકાણ કરવા સજ્જ

એનટીપીસી વર્તમાન નાણાકીય વર્ષમાં ૨૦૦૦૦ કરોડનું રોકાણ કરશે

નવીદિલ્હી,તા.૧૨

ઈન્ફ્રાસ્ટ્રકચર સેકટરનાં વડાઓની આજે નાણામંત્રી પી. ચિદમ્બરમ સાથે મહત્વપૂર્ણ મિટીંગ યોજાઈ હતી. પીએસયુ દ્વારા વધુ રોકાણ કરવાની ખાતરી આપવામાં આવી હતી. પાવર સેક્ટરમાં રોકાણ વધે તેવી શક્યતા છે. પીએસયુનાં વડાઓ દ્વારા કેટલાંક મુદ્દાઓ પર વિસ્તારપૂર્વક રજૂઆત કરવામાં આવી હતી.

કોલસાની ઉપલબ્ધતા અને પ્રોજેક્ટ મંજુરી સાથે સંબંધિત મામલાઓને ઝડપથી હાથ ધરવા પીએસયુના વડાઓએ સરકાર સમક્ષ રજુઆત કરી હતી. બેઠક બાદ પત્રકારો સાથે વાતચીત કરતાં એનટીપીસીનાં વડા અને મેનેજિંગ ડિરેક્ટર અરૂપ રોયે કહ્યું હતું કે, કંપની વર્તમાન નાણાંકીય વર્ષમાં ૨૦૦૦૦ કરોડનું રોકાણ કરવાની યોજના ધરાવે છે. કેપેક્સ અંગે ઝડપી સિદ્ધિ ઉપર ચર્ચા કરવામાં આવી હતી. કેપેક્સ કટિબદ્ધતાને આગામી દિવસોમાં પાળવામાં આવશે. ચૌધરીએ કહ્યું હતું કે, કોલસા સચિવની હાજરીમાં કોલસા સાથે સંબંધિત સમસ્યાઓ ઉપર પણ ચર્ચા કરી છે. ફ્યુઅલ મામલે મિટિંગ બાદ નાણામંત્રી તરફથી નવા આદેશ જારી કરવામાં આવે તેવી અમને આશા છે. ભેલના વડા પ્રસાદ રાવે કહ્યું હતું કે, જુદી જુદી સમસ્યાઓને લઈને ચર્ચા કરવામાં આવી છે. અમારી રોકાણની યોજના પાવર સેક્ટર સાથે સંબંધિત છે. પીએસયુ સાથે આ મિટિંગ ચિદમ્બરમે યોજી હતી. ૧.૮ લાખ કરોડની રોકાણ યોજના હાથ ધરવામાં આવનાર છે. કોલઈન્ડિયાના સીએમડી નરસિંહ રાવે કહ્યું હતું કે, કંપની ૨૦૧૨-૧૩માં ૪૦૦૦૦ કરોડનું રોકાણ કરવાની યોજના ધરાવે છે. વર્તમાન અને આગામી પાંચ વર્ષની યોજના માટે મૂડી રોકાણની ચર્ચા ઉપર યોજના થઈ છે. ઓએનજીસીના વડા સુધીર વાસુદેવે કહ્યું હતું કે, ચિદમ્બરમ સમક્ષ મૂડી રોકાણની વ્યુહરચના રજુ કરવામાં આવી છે. શેલ કંપનીના ચેરમેન વી.એસ.વર્માએ કહ્યું હતું કે, આ કંપની ૧૨મી પંચવર્ષીય યોજનામાં ૪૫૦૦૦ કરોડનું રોકાણ કરવા ઈચ્છુક છે. સ્ટીલ સેક્ટરમાં હાલ કોઈ મંદી નથી. મેન્યુફેક્ચરીંગ સેક્ટરમાં મંદીનું મોજુ ફરી વળતાં આ મિટિંગને ખૂબજ મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. આવનાર દિવસોમાં વધુ જંગી રોકાણ જુદી જુદી કંપનીઓ કરવાનો હેતુ ધરાવે છે.

સોનામાં ૧૫૦ તેમજ ચાંદીમાં ૧૦૦નો ફરી ઉછાળો નોંધાયો

નવીદિલ્હી/અમદાવાદ, તા.૧૨

સોના-ચાંદીમાં નવી તેજી જોવા મળી રહી છે. અમદાવાદ માર્કેટમાં બુધવારના કારોબારનાં અંતે પણ ૧૦ ગ્રામ સોનાના ભાવ રૂપિયા ૧૫૦ના ઉછાળા સાથે રૂપિયા ૩૨૫૦૦ થી ૩૨૬૦૦ની સપાટીએ બંધ રહ્યા હતા.

આ સાથે સોનાએ ફરીથી પોતાની નવી ઓલટાઈમ હાઈ સપાટી બનાવી લીધી છે. ઉલ્લેખનીય છે કે મંગળવારે સોનાના ભાવ રૂપિયા ૫૦ ના ઘટાડા સાથે રૂપિયા ૩૨૩૫૦ થી ૩૨૪૫૦ની સપાટીએ બંધ રહેતા એક દિવસ પુરતી સોનાએ પોતાની ઓલટાઈમ હાઈ સપાટી ગુમાવી હતી. પરંતુ બુધવારે સોનામાં ફરીથી રોકાણકારોનો રસ વધતા સોનાએ પોતાના પાછલા તમામ રેકોર્ડોને બાજુ ઉપર રાખી નવી રૂપિયા ૩૨૬૦૦ની ઓલટાઈમ હાઈ સપાટી બનાવી લીધી છે. જ્યારે બુધવારના કારોબારનાં અંતે પ્રતિકિલોગ્રામ ચાંદીના ભાવ રૂપિયા ૧૦૦ના નજીવા વધારા સાથે રૂપિયા ૬૦૩૦૦ થી ૬૦૮૦૦ની સપાટીએ બંધ રહ્યા હતા. જે મંગળવારે રૂપિયા ૬૦૨૦૦ થી ૬૦૭૦૦ની સપાટીએ બંધ હતા. જો કે ચાંદીના ભાવમાં સુધારો નોંધાવા છતાં હજી તે પોતાની મંગળવારે ગુમાવેલ ઓલટાઈમ હાઈ સપાટીએથી રૂપિયા ૨૦૦ પાછળ છે. જ્યારે અમદાવાદ માર્કેટમાં પ્રતિકિલોગ્રામ રૂપાના ભાવ પોતાની મંગળવારની સપાટી રૂપિયા ૬૦૦૦૦ થી ૬૦૫૦૦ ઉપર જ બુધવારે પણ બંધ રહ્યા હતા. ઉલ્લેખનીય છે કે રૂપાના ભાવમાં છેલ્લા બે દિવસથી કોઈ બદલાવ જોવા મળ્યો નથી.

દરમિયાન દેશનાં અન્ય બજારોમાં સોના-ચાંદીમાં તેજીની સ્થિતિ જોવા મળી હતી.

૧૮મીથી કેસમાં દરરોજ ટ્રાયલ ચાલશે

ગુવાહાટી સતામણી કેસમાં ૧૩ આરોપીઓને જામીન

ગુવાહાટી,તા.૧૨

આસામમાં પાટનગર ગુવાહાટીમાં બારનીબહાર યુવતી સાથે છેડતીના મામલામાં આરોપી જાહેર થયેલાં ૧૩ શખ્સોને આજે જામીન આપી દીધાં હતાં. ચીફ જ્યુડિશીયલ મેજિસ્ટ્રેટ દ્વારા તમામ આરોપીઓને જામીન આપી દેવામાં આવ્યા હતાં. જોકે મુખ્ય આરોપી અમરજ્યોતિ કાલીટાની જામીન અરજી ગુવાહાટી હાઈકોર્ટમાં પેન્ડિંગ રાખવામાં આવી છે.

કાલીટાની સુનાવણી આવતીકાલે હાથ ધરવામાં આવશે. સ્થાનિક ટેલિવિઝન ચેનલ ગૌરવનાં પત્રકાર જ્યોતિ નિયોગને ૧૩ ઓગસ્ટે હાઈકોર્ટ દ્વારા જામીન આપી દેવામાં આવ્યા હતાં. ચીફ જ્યુડિશીયલ મેજિસ્ટ્રેટે આદેશ કર્યો છે કે, આ કેસમાં ટ્રાયલ ૧૮ સપ્ટેમ્બરથી દરરોજનાં આધારે ચાલશે. આસામમાં ખાસ તપાસ ટીમે તપાસ પૂરી કરી લઈને આઈપીસીની જુદી જુદી કલમો હેઠળ ૧૫ લોકો સામે સીજેએમની કોર્ટ સમક્ષ ચાર સપ્ટેમ્બરે ચાર્જશીટ દાખલ કરી હતી. આઈપીસીની જે કલમ લાગુ કરવામાં આવી છે તેમાં કલમ ૧૪૩, કલમ ૩૪૧, કલમ ૨૯૪, કલમ ૩૨૩, કલમ ૩૫૪નો સમાવેશ થાય છે. યુવતીની છેડતીને લઈને આસામમાં ભારે હોબાળો મચી ગયો હતો. ૯ જુલાઈએ અતિ વ્યસ્ત રહેતાં જી.એસ. રોડ પર બારની બહાર ટોળાએ યુવતીને માર મારી તેની સાથે છેડતી કરી હતી. કેમેરામાં આ સમગ્ર મામલો કેદ કરાયો હતો જેથી રાષ્ટ્રીય સ્તરે પણ આની ચર્ચા રહી હતી.

તમામ ૨૭ ડ્રીમલાઈનરોની ડિલિવરી ૨૦૧૬ સુધી થશે

નવીદિલ્હી,તા.૧૨

નાગરિક ઉડ્ડયન પ્રધાન અજીતસિંહે કહ્યું છે કે, એરઈન્ડિયાને વર્ષ ૨૦૧૬ સુધી તમામ ૨૭ ડ્રીમલાઈનરોની ડિલિવરી મળી જશે. પ્રથમ બોઈંગ ૭૮૭ નવીદિલ્હીમાં આવી પહોંચ્યા એરઈન્ડિયા ડિસેમ્બર ૨૦૧૨ સુધી વર્તમાન વર્ષમાં જ વધુ પાંચ બી-૭૮૭ વિમાન મેળવવા માટે ઈચ્છુક છે. તેમનાં જણાવ્યા મુજબ ડ્રીમલાઈનરની પ્રથમ કોમર્શિયલ ફ્લાઈટ ૧૯ સપ્ટેમ્બરથી શરૂ થશે. પ્રથમ ફ્લાઈટ ચેન્નઈ-બેંગ્લોર સુધીની હશે.

ભારતમાં માત્ર છ કે સાત વિમાની મથકો જ ડ્રીમલાઈનર માટે યોગ્ય છે. બે થી ત્રણ મહિના માટે ઈન્ટરનેશનલ રૂટ ઉપર પણ આ વિમાન ઉડાણ ભરશે. બી-૭૮૭ની ફ્લાઈટ યુરોપ અને ઓસ્ટ્રેલિયા સુધી ઉડાણ ભરશે. સિંહનું કહેવું છે કે, ધર્માધિકારી રિપોર્ટમાં એવી અપેક્ષા વ્યક્ત કરવામાં આવી છે કે, એરઈન્ડિયા ૮ વર્ષના ગાળામાં મજબૂત સ્થિતિમાં થઈ જશે પરંતુ હજુ સુધી નક્કર પગલાં લેવાયા નથી. એર ઈન્ડિયા અને ઈન્ડિયન

એરલાઈન્સમાં જુદા જુદા સ્થળે પગલા લેવાઈ રહ્યા છે. એરઈન્ડિયાનું નેટ નુકસાન ઘટીને ૫૫૭ કરોડ થયું છે. પ્રથમ ત્રિમાસિક ગાળામાં નુકસાન ૧૭૩૩ કરોડ હતું. પેસેન્જર લોડ ફેક્ટરમાં પ્રથમ ત્રિમાસિક ગાળામાં ૭૧ ટકાનો વધારો થયો છે. સિંહે આશા વ્યક્ત કરી છે કે ધર્માધિકારી અહેવાલને સપ્ટેમ્બરનાં અંત સુધી અમલી બનાવી દેવાશે. હડતાળી પાયલોટોને ફરી લેવાના મામલે સિંહે કહ્યું હતું કે, જે પાયલોટોની સર્વિસ રદ્દ થઈ હતી તે ૯૭ પાયલોટો પૈકીના ૫૦ એ ફરી નોકરીમાં લેવાની ભલામણ કરી છે. પાંચ પાયલોટોની ભલામણ યોગ્ય દેખાઈ રહી નથી. બાકીના ૪૨ પાયલોટોનાં કેસમાં ચર્ચા ચાલી રહી છે. કુલ ૪૧૩ હડતાળી પાયલોટો પૈકી ૩૧૬ પાયલોટોએ માંદગીના બહાનાબાજી સાથે હડતાળ પાડી હતી તેમને પરત લેવામાં આવ્યા હતાં.

એક્ઝીક્યુટીવ વેતનને નિયંત્રિત કરવા તૈયારી

નવી દિલ્હી, તા.૧૨

સિક્યુરિટી એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (સેબી) લિસ્ટેડ કંપનીઓમાં એક્ઝીક્યુટીવ વળતરને નિયંત્રિત કરવા માર્ગદર્શિકા લાવી શકે છે. સેબી કોર્પોરેટ એક્ઝીક્યુટીવના વેતન પર અંકુશ મૂકવાની દિશામાં આગળ વધી રહી છે. સેબીને ચેરમેન યુ કે સિંહાએ સંકેત આપતા કહ્યું છે કે સેબી આ સંબંધમાં જરૂરી સૂચનો જારી કરી શકે છે.

લાંબાગાળાથી આ સંબંધમાં વિચારણા કરવામાં આ રહી છે. તેમનું કહેવું છે કે એક સ્ટોક એક્સચેન્જ માટે સંચાલનના ધારાધોરણો તમામ કોર્પોરેટ કંપનીઓ ઉપર પણ લાગુ પડશે. બોર્ડમાં ૫૦ ટકા સભ્યો સ્વતંત્ર ડિરેક્ટરો તરીકે રહેશે. પબ્લિક અને ખાનગી કંપનીઓ માટે લેવર પ્લેઈંગ ફિલ્ડની પણ વાત થઈ રહી છે. આ દરખાસ્ત પાછળ મુખ્ય હેતુ રહેલો છે. સેબી એમ પણ ઈચ્છે છે કે કંપનીઓ વાર્ષિક જનરલ મિટીંગ માટે તેમના એજેન્ડાની પણ જાહેરાત કરે.

નિરામય (પાના નં. ૪ નું ચાલુ)

જેમ પૃથ્વીના દરેક પદાર્થને એક ચોક્કસ પ્રકારની ગંધ છે તેમ એક આગવો રંગ પણ છે. દરેક રંગના પોતાના આગવા ગુણધર્મો છે. જેના આધારે તેને ચિકિત્સાર્થે પ્રયોજાય છે. રંગોના સામાન્ય ગુણધર્મો આ પ્રમાણે છે.

- **લાલ :** અગ્નિ, ગરમી તથા ગુસ્સાનું પ્રતિક છે. અતિ ઉત્તેજક છે. શક્તિપ્રદ છે. સામાન્યત : બ્લડપ્રેશર, એનિમીયા, તથા કફના રોગોમાં ચિકિત્સાર્થે પ્રયોજવામાં આવે છે.
- **નારંગી :** વિકાસ તથા ગૌરવનું પ્રતિક છે. રક્ત પરીભ્રમણ વધારવા તથા નાડીઓના પોષણ માટે પ્રયોજાય છે. ઘણાં ચિકિત્સકો બાળકના જન્મ બાદ માતાને ધાવણનું દૂધ વધારવા માટે પણ આ રંગ પ્રયોજે છે.
- **પીળો :** આનંદ તથા ઉત્સાહનું પ્રતિક છે. પીળો રંગ સારક તથા રેચક છે. મુખ્યત્વે અપાચન, કીડની - લીવરના રોગો તથા કબજીયાતમાં પ્રયોજાય છે.
- **જાંબલી :** લાલ રંગ વાદળી રંગના સંયોજકથી સંયોજાય છે. ઉત્તમ ઉત્તેજક છે. પરંતુ વાદળી રંગના પ્રભાવને કારણે તે દાહક નથી. ચામડીના રોગો, માઇગ્રેન, પેટના ઘણાં રોગોમાં ચિકિત્સાર્થે પ્રયોજાય છે.
- **લીલો :** વાદળી અને પીળા રંગના સંયોજનથી રચાય છે. આ રંગ મંદ શામક છે. આંખો માટે ખુબ ફાયદાકારક છે. તાવ, પેટના કે આંતરડાના ચાંદા તથા શરીરના અલગ અલગ ભાગના ઇન્ફ્લામેશનથી થતાં રોગોની ચિકિત્સાર્થે પ્રયોજાય છે.
- **વાદળી :** ઠંડક, શીતળતા તથા શાંતિનું પ્રતિક છે. ઉત્તમ શામક છે. ઉચ્ચ રક્તચાપ, એસિડીટી, પિત્તના રોગો, આદિમાં ચિતિત્સાર્થે પ્રયોજાય છે. ઉચ્ચ રક્ત ચાપમાં લખનારે પણ ખુબ સારા પરિણામ મેળવેલ છે.)

- drkedar@in.com

અરવિંદ કેન્દ્ર, સેકટર-૨૩ (પાના નં. ૪ નું ચાલુ)

અસ્થમા જેવા હઠીલા રોગમાં ૧૦ જ દિવસનાં પ્રાણાયામથી પંપ લેવાનું બંધ થઇ જાય છે. ભસ્ત્રિકા પ્રાયાણામ, અનુલોમ વિલોમ, કપાલ ભાતિ, બાહ્ય પ્રાણાયામ, ભુજંગાસન, સર્વાંગાસન વગેરે આ રોગો માટે રામબાણ ઇલાજ છે. જમવાના સમયે મગજ શાંત, કોઇ પણ પ્રકારની દખલ ચલાવી ન લેવાય. 'Eating In Yoga' ના સૂત્રને ધ્યાનમાં રાખી, બે ખોરાક વચ્ચે પુરતો સમયગાળો, ભુખ કરતા ઓછો ખોરાક, સારી રીતે ચાવીને ખાવું એ તંદુરસ્તી જાળવવાનું પ્રથમ પગથિયું છે. ઉપરાંત શ્રધ્ધાપૂર્વક નિયમિત યોગ કરવામાં આવે તો એપીલેપ્સી, પાર્કીન્સન, પેરાલીલીસ જેવા રોગોમાં પણ ચમત્કારીક પરિણામ મેળવી શકાય છે. અસંખ્ય દર્દીઓએ પોતાના અનુભવ લેખિતમાં સુરિ સાહેબને મોકલાવેલ છે. વર્તમાન સમયની સમસ્યા ડિપ્રેશન, અનિદ્રા, ગુસ્સો, માનસિક તનાવ પર પણ કાબુ મેળવી શકાય છે. અરવિંદ કેન્દ્રમાં દરરોજ ૪૫ થી ૫૦ વ્યક્તિઓ સવારે ૫-૦૦ કલાકે અમુક હાજર થઇ જાય છે. આ કેન્દ્ર નિયમિત રીતે ચાલે છે. કોઇ વાર સવારે ૫-૩૦ કલાકે આ કેન્દ્રની મુલાકાત લેજો. રોગ હોય તો તેના નિવારણ માટે અને કોઇ પણ રોગ ન હોય તો ભવિષ્યમાં કદી રોગ શરીરમાં પ્રવેશવાની હિંમત ન કરી શકે તે માટે પણ...